Email

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : deo-bav@gujrat.gov.in, deobhavnagar@gmail.com

શ્રી એન.જી.વ્યાસ
જિલ્લા શિક્ષણાધિકારી

પરિપત્ર

જા.નં-પેન/ઘ-૨/૨૦૧૯/283

તા.૧૧/૦૭/૨૦૧૯

પ્રતિ,

આચાર્યશ્રી,

ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, (તમામ)

જીલ્લો-ભાવનગર.

વિષય:- સાતમા પગાર પંચની ભલામણ અન્વયે થયેલ સુધારણા સંદર્ભે ઉચ્ચતર પગાર ધોરણ બાબત..

સંદર્ભ:- ૧. ગુજરાત સરકાર નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:પગર-૧૦૨૦૧૬-યુઓ-૧૨૧-(૨૨)-પ.એ.,તા.૦૧/૦૧/૨૦૧૯

૨. ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંક:બમશ/૧૧૧૬/૭૮૮/ગ. તા.03/06/૨૦૧૯

3. નિયામકશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરનાં તા.ઘ/માધ્ય/પેન-3/7th pay/ ૨૦૧૯/૧૫૦૧૭-૮૭. તા.03/06/૨૦૧૯

૪. નિયામકશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરનાં તા.ઘ/પેન-3/વશી-જનરલ/7th pay/ઉ,પ,ધો./૨૦૧૯/૧૮૫૨૬-૬૧. તા.03/0૭/૨૦૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત સરકાર નાણા વિભાગના સંદર્ભ-૧ નાં ઠરાવથી રાજ્ય સરકારના કર્મચારીઓ અને શિક્ષકોની સાતમાં પગાર પંચ મુજબ ઉચ્ચતર પગાર ધોરણ અંગે જોગવાઈ થયેલ છે. નીયામકશાળાઓની (નિયામક શાળાઓની) કચેરી ગાંધીનગરનાં તા.03/06/૧૯ના પત્ર મુજબ શિક્ષણ વિભાગના સંદર્ભ-૨ થી નાણા વિભાગનો સંદર્ભ-૧નો ઠરાવ ગુજરાત રાજ્યની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓનાં કિસ્સામાં અમલ કરવા મંજુરી આપવામાં આવેલ છે.

ઉક્ત ઠરાવ/પરિપત્રનાં અમલ માટે સંદર્ભ-૪ અન્વયે અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના નિવૃત કર્મચારીઓને પ્રાથમિકતા આપવાની હોય તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા. ૩૧/૧૦/૨૦૧૯ સુધીમાં નિવૃત થયેલ/ નિવૃત થનાર કર્મચારીઓના ઉચ્ચતર પગાર ધોરણ નાં કેસ વખતો વખતનાં પરિપત્ર/ ઠરાવની જોગવાઈઓ ધ્યાને લઈ કેસ તૈયાર કરી બે(૨) નકલમાં તા.૧૮/૦૭/૨૦૧૯ સુધીમાં આ કચેરીમાં રજુ કરવા જણાવવામાં આવે છે.સંદર્ભિત પત્રની નકલ આ સાથે સામેલ છે.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

બિડાણ- ઉપર મુજબ

Scanned by CamScanner

સાતમા પગાર પંચની ભલામણ અન્વયે થયેલ પગાર સુધારણા સંદર્ભે ઉચ્ચતર પગાર ધોરણ યોજનામાં આનુષાંગિક ફેરફાર કરવા બાબત.

ગુજરાત સરકાર

નાણા વિભાગ,

ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૧૬-યુઓ-૧૨૧-(૨૨)-પ.એ.

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૧/૦૧/૨૦૧૯

વંચાણમાં લીધા:-(૧) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: પગર-૧૧૯૪-૪૪-મ, તા. ૧૬-૮-૯૪

(૨) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: પગર-૧૧૯૪-૪૫-મ, તા. ૧૬-૮-૯૪

(૩) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૦૭-૬૧૫-મ, તા. ૨-૭-૨૦૦૭

(૪) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:પગર-૧૦૦૯-૫૬-પએ(મ) તા.૧૮/૦૨/૨૦૧૧

(૫) નાણા વિભાગની સંકલિત સૂચના ક્રમાંક: પગર-૧૦૨૦૧૫-૬૦૫૫૧૫-મ તા.૩૦/૦૯/૨૦૧૫

(૬) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૧૬-૧-પ.એ. તા.૧૬/૦૮/૨૦૧૬

(૭) નાણા વિભાગના જાહેરનામા ક્રમાંક:(જીએન-૪૯) પગર-૧૦૨૦૧૬-૨-પ.એ

તા.૧૯-૮-૨૦૧૬

**આમુખ:-**

નાણા વિભાગના ઉપર વંચાણે લીધામાં ક: (૧) અને (૨) દર્શાવેલ ઠરાવોથી રાજ્ય સરકારના કર્મચારીઓ અને શિક્ષકો માટે ઉચ્ચતર પગાર ધોરણ યોજના અમલમાં મૂકવામાં આવેલ હતી. તા.૨-૭-૨૦૦૭ના ઠરાવથી સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. જ્યારે છઠ્ઠા પગાર પંચની ભલામણો સંદર્ભે પગાર સુધારણાના અમલને અનુલક્ષીને તા.૧૮-૨-૨૦૧૧ના ઠરાવથી મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણના માળખામાં અનુરૂપ ફેરફાર કરવામાં આવેલ હતો. સાતમા કેન્દ્રિય પગાર પંચની ભલામણોનો રાજ્ય સરકાર દ્વારા સ્વીકાર કરવામાં આવેલ છે અને નાણા વિભાગના તા.૧૬-૮-૨૦૧૬ના ઠરાવથી તે અંગેના હુકમો કરવામાં આવેલ છે. જ્યારે તા.૧૯-૮-૨૦૧૬ના જાહેરનામાથી ગુજરાત રાજ્ય સેવા(પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ બહાર પાડવામાં આવેલ છે.

સાતમા પગાર પંચની ભલામણ મુજબ પગાર સુધારણાના અમલ સંદર્ભે સુધારેલ પગાર માળખામાં ઉચ્ચતર પગાર ધોરણ યોજના હેઠળ મળવાપાત્ર પગાર ધોરણ(પે મેટ્રીક્ષમાં લેવલ) નક્કી કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે કર્મચારીઓ/અધિકારીઓ અને શિક્ષકોને મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણ અંગે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠ રા વ:-**

ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ તારીખ ૧લી જાન્યુઆરી-૨૦૧૬ થી આમુખ:(૭) માં દર્શાવેલ જાહેરનામા દ્વારા અમલમાં આવેલ છે. આ પગાર સુધારણાના પરિણામે હાલમા અમલમાં રહેલ ઉચ્ચતર પગાર ધોરણની યોજનામાં નીચે મુજબ આનુષાંગિક ફેરફાર કરવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
૧૧૩
૨૦/૨/૧૯

Scanned by CamScanner

(૧) સાતમા પગાર પંચ મુજબના સુધારેલ પગાર માળખામાં ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ની અનુસૂચિ તરીકે જોડેલ પે મેટ્રીક્ષના લેવલ-૮ થી વધતું ન હોય તેવી જગ્યાઓને આ યોજના લાગુ પડશે.

(૨)(ક) પ્રથમ અને દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણ એટલે તરત પછીની બઢતીની જગ્યાનું પગાર ધોરણ, પરંતુ જે જગ્યાં માટે જુદા જુદા પગાર ધોરણની એક થી વધુ બઢતીની જગ્યાઓ હોય ત્યારે બઢતીની જગ્યાઓમાંની સૌથી નીચલી જગ્યાના **પે મેટ્રીક્સના લેવલ** મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું રહેશે.

પરંતુ બઢતીનું કોઇ પગાર ધોરણ/માળખું/જગ્યા ન હોય એવા કેસમાં તેના હાલના પે મેટ્રીક્ષના લેવલને મળતું આવતું યથા પ્રસંગ પ્રથમ અથવા દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણ આ સરકારી ઠરાવ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબ સાતમા પગાર પંચ મુજબની પે મેટ્રીક્ષના વિદ્યમાન લેવલ પછીનું તરતનું લેવલ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મળવાપાત્ર થશે.

વિશેષમાં, જુદા જુદા પગાર ધોરણવાળા પૂરક સંવર્ગોવાળી જગ્યાઓના કેસમાં, તે જગ્યાઓના પ્રથમ, અને દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણ બઢતીના પે મેટ્રીક્ષના લેવલને બદલે, તેના હાલના લેવલની સામે આ સાથેની અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબનું લેવલ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મળવાપાત્ર થશે.

(ખ) શિક્ષકોને નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૧૯૪-૪૫-મ, તા. ૧૬-૮-૯૪ મુજબ ઉચ્ચતર પગાર ધોરણની યોજના અન્વયે પાત્રતાનુસાર ૯, ૨૦ અને ૩૧ વર્ષે પ્રથમ, દ્વિતિય અને તૃતીય ઉચ્ચતર પગાર ધોરણ સુધારેલ પગાર માળખામાં અનુરૂપ લેવલ મુજબ પરંતુ ઉચ્ચતર પગાર ધોરણ યોજનાના ઠરાવોની અન્ય શરતોને આધિન મળવાપાત્ર થશે.

(૩) આ યોજના હેઠળ બઢતીની જગ્યાનું મળવાપાત્ર ઊંચામાં ઊંચું પગાર ધોરણ છઠ્ઠા પગાર પંચ મુજબના પીબી-૩, રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦+૫૪૦૦ ગ્રેડ પે ને અનુરૂપ સાતમા પગાર પંચ મુજબ **પે મેટ્રીક્સનું લેવલ-૧૦** રહેશે.

(૪) સાતમા પગાર પંચ મુજબના સુધારેલ પગાર માળખામાં કર્મચારીની એકાકી જગ્યાનું લેવલ-૮ હોય અને જે કેસોમાં અનુસૂચિ મુજબનુ ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર છે તેવા કેસોમા ઉચ્ચતર પગાર ધોરણ તરીકે **તરત પછીનું લેવલ,** લેવલ-૯ મળવાપાત્ર થશે.

(૫) આમુખ:(૩) માં દર્શાવેલ ઠરાવના ફકરા-૨(૧૯) પ્રમાણે વર્ગ-૪ ના કર્મચારીઓને તા.૧-૧-૨૦૧૬ થી પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ **સાતમા પગાર પંચ મુજબ પે મેટ્રીક્સનું લેવલ આઈએસ-૨** અને બીજું ઉચ્ચતર પગાર ધોરણ **પે મેટ્રીક્સનું લેવલ આઈએસ-૩** મળવાપાત્ર થશે.

(૬) ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ ના નિયમ-૧૨ પ્રમાણે પગાર બાંધણી કરવાની રહેશે.

Scanned by CamScanner

(૭) નાણા વિભાગના જુદા જુદા ઠરાવોથી નક્કી કરવામાં આવેલ ઉચ્ચતર પગાર ધોરણ યોજનાની અન્ય શરતો/જોગવાઈઓ યથાવત રહેશે, તેમજ ઉક્ત ઠરાવના અર્થઘટનના પ્રસંગે મૂળ ઠરાવની જોગવાઇઓ આખરી ગણાશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શૈલેષ વિ.પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,
* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રીઓ/ રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/ સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,
માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુ. વિ. સ, સચિવાલય, ગાંધીનગર
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, (૧) ઓડીટ, અમદાવાદ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(૨) (એ. એન્ડ ઈ.), રાજકોટ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(૨) (એ. એન્ડ ઈ.), અમદાવાદ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(ઓડીટ), રાજકોટ.
સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓ/ કલેકટરશ્રીઓ/ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી,
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવીડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર
નિરીક્ષકશ્રી, સ્થાનિક હિસાબ ભંડોળ, ગાંધીનગર,
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા યોજના, ગાંધીનગર/વડોદરા
સર્વે સહાયક જિલ્લા નિરીક્ષકશ્રીઓ.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ
સર્વે માન્ય કર્મચારી મંડળો
નાણા વિભાગના સર્વે અધિકારીઓ/ સર્વે શાખાઓ
પસંદગી ફાઈલ નાણા વિભાગ- મ, ચ, પેન્શન અને ઝ શાખા

* પત્ર દ્વારા

ક્રમાંક/ઘ/માધ્ય/તોજ-૩/૨૦૧૯/૫૫૬૧-૫૬૨૫
કમિશનરશ્રી, શાળાઓની કચેરી
બ્લોક નં.૯, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર, તા.૧૩/૦૨/૨૦૧૯

- નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
તમામ.

નકલ રવાના જાણ સારૂં:
- સંયુક્ત નિયામકશ્રી (હિસાબ).

સંયુક્ત શિક્ષણ નિયામક (માધ્યમિક)

# અનુસૂચિ

(નાણા વિભાગના તા. ૦૧/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૧૬-યુઓ-૧૨૧-(૨૨)-પ.એ.) નું બિડાણ)

| ક્રમ | તા.૦૧/૦૧/૨૦૧૬ થી સુધારેલ પગાર માળખા મુજબ | | તા.૦૧/૦૧/૨૦૧૬ થી સુધારેલ પગાર માળખા સામે મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણ. | |
|---|---|---|---|---|
| | પે મીટ્રીક્ષનું લેવલ | લઘુત્તમ પગાર રૂ. | પે મીટ્રીક્ષનું લેવલ | લઘુત્તમ પગાર રૂ. |
| ૧ | આઇ એસ-૧ | ૧૪૮૦૦ | આઈએસ-૨ | ૧૫૦૦૦ |
| ૨ | આઇ એસ-૨ | ૧૫૦૦૦ | આઈએસ-3 | ૧૫૭૦૦ |
| 3 | આઇ એસ-3 | ૧૫૭૦૦ | ૧ | ૧૮૦૦૦ |
| ૪ | ૧ | ૧૮૦૦૦ | ૨ | ૧૯૯૦૦ |
| ૫ | ૨ | ૧૯૯૦૦ | 3 | ૨૧૭૦૦ |
| ૬ | 3 | ૨૧૭૦૦ | ૪ | ૨૫૫૦૦ |
| ૭ | ૪ | ૨૫૫૦૦ | ૫ | ૨૯૨૦૦ |
| ૮ | ૫ | ૨૯૨૦૦ | ૬ | ૩૫૪૦૦ |
| ૯ | ૬ | ૩૫૪૦૦ | ૭ | ૩૯૯૦૦ |
| ૧૦ | ૭ | ૩૯૯૦૦ | ૮ | ૪૪૯૦૦ |
| ૧૧ | ૮ | ૪૪૯૦૦ | ૯ | ૫૩૧૦૦ |

Scanned by CamScanner

## બાંહેધરી પત્રક

(નાણા વિભાગના તા.૦૧/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૧૬-યુઓ-૧૨૧-(૨૨)-પ.એ. સાથેનું બાંહેધરી પત્રક)

આથી, નાણા વિભાગના તારીખ ૦૧-૦૧-૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૧૬ યુઓ-૧૨૧-(૨૨)-પગાર એકમ હેઠળ ઉચ્ચતર પગાર ધોરણની યોજના અન્વયે પગાર નક્કી થવાને લીધે, મને ચુકવાયેલ વધારાની રકમ, પગાર ધોરણો આખરી થયે મારી બાકી નીકળતી રકમ હોય તો તે, પરત કરવા સંમત થાઉં છું.

સ્થળ:-

તારીખ:-

સહી:-

નામ:-

હોદ્દો:-

જયાં કામે રાખેલ
હોય તે કચેરી:-

મારી સમક્ષ સહી કરી

સહી:-

(બિન રાજયપત્રિત સરકારી કર્મચારીના કેસમાં) કચેરીના વડા

સહી:-

(રાજયપત્રિત અધિકારીના કેસમાં) અન્ય રાજયપત્રિત અધિકારી.

Scanned by CamScanner

સાતમા પગારપંચની ભલામણ અન્વયે થયેલ પગાર સુધારણા સંદર્ભે ઉચ્ચતર પગાર ધોરણ યોજનામાં આનુષાંગિક ફેરફાર કરવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

પરિપત્ર ક્રમાંક : બમશ/૧૧૧૬/૭૮૮/ગ.

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : 3 JUN 2019

વંચાણે લીધા :

(૧) શિક્ષણ વિભાગનો તારીખ ૧૬/૮/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૧૬/૭૮૮/ગ.

(૨) નાણા વિભાગનો તારીખ ૧/૧/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક : પગર-૧૦૨૦૧૬-યુઓ-૧૨૧-(૨૨)-પ.એ.

**પ્રસ્તાવના : -**

આ વિભાગના સંદર્ભ (૧) હેઠળના તારીખ ૧૬/૮/૨૦૧૭ના ઠરાવથી રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને સાતમા કેન્દ્રીય પગારપંચની ભલામણો પ્રમાણે સુધારેલ પગાર ધોરણનો લાભ આપવામાં આવેલ છે.

નાણા વિભાગ દ્વારા સંદર્ભ (૨) હેઠળના તારીખ ૧/૧/૨૦૧૯ ઠરાવથી સાતમા કેન્દ્રીય પગાર પંચની ભલામણ અન્વયે થયેલ પગાર સુધારણા સંદર્ભે ઉચ્ચતર પગાર ધોરણ યોજનામાં આનુષાંગિક ફેરફાર કરવામાં આવેલ છે. આ ઠરાવનો અમલ રાજ્ય સરકારની બિનઅનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓના કિસ્સામાં લાગુ પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**પરિપત્ર : -**

પુખ્ત વિચારણાના અંતે, નાણા વિભાગના સંદર્ભ (૨) હેઠળના તારીખ ૧/૧/૨૦૧૯ના ઠરાવમાં શિક્ષકોને લાગુ પડે છે તેમ ઉલ્લેખ છે ત્યારે તે અનુદાનિત શાળાઓના કર્મચારીઓને પણ સમાન રીતે લાગુ પડતો હોઇ, ઉક્ત ઠરાવનો ગુજરાત રાજ્યની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓનાં કિસ્સામાં અમલ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ પરિપત્ર સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તારીખ ૨૮/૩/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી,

(જયેશ મિસણ)
અધિક સચિવ
શિક્ષણ વિભાગ

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
આવક : ૩૯૯૦
તારીખ : ૧૧/૬/૧૯
શાખા : ...

પ્રતિ :-

- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

Scanned by CamScanner

➢ અ.મુ.સ.શ્રી(નાણા વિભાગ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
➢ સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિ... ગાંધીનગર.
➢ કમિશનરશ્રી (શાળાઓ), કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં. ૯, ૧લો માળ, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ આ અંગે જરૂરી કાર્યવાહી સારૂ.
➢ એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
➢ સર્વે જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીઓ, ( કમિશનરશ્રી, શાળાઓ મારફતે) .
➢ સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ( કમિશનરશ્રી, શાળાઓ મારફતે).
➢ કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ બાબત વિભાગની વેબ... પર અપલોડ કરવા સારૂ.
➢ શાખા પસંદગી ફાઇલ – ૨૦૧૯.
➢ ના.સે.અ. પસંદગી ફાઇલ.

ક્રમાંક/ક્ષ/માધ્ય/પ્રવ-૩/ફ.પસ/૨૦...
કમિશનરશ્રી, શાળાઓની કચેરી
બ્લોક નં.૯, ડૉ. જીવરાજ મહેતા ભ...
ગુ.રા. ગાંધીનગર, તા.03/06/૨...

↳ નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારું,
પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી - તમામ.
જિલ્લા તિજોરી અધિકારીશ્રી, તમામ.

(સહી)
સંયુક્ત શિક્ષણ નિયામક (...)
કમિશનર શાળાઓની...
ગુ.રા., ગાંધીનગર

↳ નકલ રવાના જાણ સારું.
- સંયુક્ત નિયામકશ્રી (હિસાબ) મદદ કચેરી.
- જનરલ મેનેજરશ્રી, જીઆઇએલ-બી, ગાંધીનગર.

ક્રમાંક-ઘ/પેન-૩/વશી-જનરલ/7th pay/ઉ.પ.ધો./૨૦૧૯/૧૮૫૨૬-૬૧

નિયામક શાળાઓની કચેરી
૯/૧,ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.૦૩/૦૭/ ૨૦૧૯

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય:- સાતમા પગારપંચની ભલામણ અન્વયે થયેલ પગારસુધારણા સંદર્ભે ઉચ્ચતર પગારધોરણ યોજનામાં આનુષાંગિક ફેરફાર કરવા બાબતે નિવૃત્ત કર્મચારીઓના કિસ્સામાં પ્રાથમિકતા આપવા બાબત.

સંદર્ભ:- (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક-બમશ/૧૧૧૬/૭૮૮/ગ, તા.૦૩/૦૬/૨૦૧૯
(૨) અત્રેની કચેરીના પત્રાંક-ઘ/માધ્ય/પેન-૩/7th pay/૨૦૧૯/૧૫૦૧૭-૮૫, તા.૦૩/૦૬/૨૦૧૯

શ્રીમાન,

ઉપરોક્ત વિષય તેમજ સંદર્ભ પરત્વે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક-બમશ/૧૧૧૬/૭૮૮/ગ, તા.૦૩/૦૬/૨૦૧૯ થી સાતમા પગારપંચની ભલામણ અન્વયે થયેલ પગારસુધારણા સંદર્ભે ઉચ્ચતર પગારધોરણ યોજનામાં આનુષાંગિક ફેરફાર કરવા બાબતે ઠરાવેલ છે. જે અન્વયે અત્રેની કચેરીના તા.૦૩/૦૬/૨૦૧૯ના ઉક્ત સંદર્ભ-૨ના પત્રથી આગળની નિયમોનુસરની કાર્યવાહી કરવા તમામ જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓની કચેરીને જણાવેલ છે.

આ અંગે ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળની મળેલ રજુઆત મુજબ, સદર ઠરાવનો અમલ કરવા બાબતે નિવૃત્ત કર્મચારીઓના કિસ્સાને પ્રાથમિકતા આપી માનવતાના ધોરણે સત્વરે કાર્યવાહી પુર્ણ કરવા આથી જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
આવક નં.
તારીખ:
શાખા:

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.,ગાંધીનગર.

**નકલ સવિનય રવાના જાણ સારૂં:-**

- પ્રતિ, હિસાબી અધિકારીશ્રી, પગાર ચકાસણી એકમ(પીવીયુ), ૧૮, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પ્રતિ, નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, બ્લોક નં.૧૭, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

Scanned by CamScanner